પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૩ | ૨ જાન્યુઆરી, ૨૦૧૮, મંગળવાર ; પોષ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ભારત-પાક વચ્ચે ક્રિકેટ મેચ નહીં રમાય

ભારત-પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ



સીરિઝની આશામાં બેઠેલા ક્રિકેટ ફેન્સ માટે નિરાશાના સમાચાર છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે સ્પષ્ટ જણાવી દીધું છે કે જયાં સુધી પાકિસ્તાન સરહદથી આતંકવાદ અને ગોળીબાર બંધ ન થાય ત્યાં સુધી તેમની વચ્ચે કોઈ પણ પ્રકારની ક્રિકેટ મેચ નહીં રમાય.

### આફ્રિકાની બોલિંગ દુનિયામાં સૌથી ખતરનાક : રોહિત શર્મા

ભારતીય સ્ટાર ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ કહ્યુ છે કે દક્ષિણ આફ્રિકાની બોલિંગ દુનિયામાં હાલમાં સૌથી ખતરનાક છે.

### ટ્રમ્પે આતંકવાદ મુદ્દે પાકના કાન આમળ્યા



પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનને અમેરિકા દ્વારા અપાતી મદદ બંધ થશે તેમ જણાવી કહ્યું હતું કે આ મદદના બદલે પાકે માત્ર જૂઠ અને છેતરપીંડી જ આચરી છે અને આતંકવાદીઓ માટે સ્વર્ગ ઉભું કર્યું છે.

# નવા વર્ષના પ્રારંભે વિશ્વશાંતિ સામે પડકાર

**આખું યુએસ પરમાણુ હથિયારોની રેન્જમાં, બટન મારા ટેબલ પર જ છે : કિમ જોંગ : અમેરિકાને ઉત્તર કોરિયાની ખુલ્લી ચેતવણી : સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઉત્તર કોરિયા પર કેટલાક પ્રકારના પ્રતિબંધ લગાવાયા છે છતાં કિમ જોંગ પોતાના પરમાણુ કાર્યક્રમને રોકવાના મૂડમાં નથી**



પ્યોંગયોંગ/વોશિંગ્ટન,તા.૧

આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્તર કોરિયા વિરૂદ્ધ ગમે તેટલાં પ્રતિબંધ લગાવવામાં આવ્યાં હોય પરંતુ તેની કોઈ જ અસર તેના પર પડતી હોય તેવું લાગતું નથી. ઉત્તર કોરિયાના સરમુખ્ત્યારશાહી નેતાના નિવેદનથી તો કંઈક એવું જ લાગે છે. હજુ તો વર્ષ ૨૦૧૮નો સુર્યોદય જ થયો છે ત્યાં કિમ જોંગે ફરી એકવખત ચેતવણી આપતાં પરમાણુ હુમલાની ધમકી આપી દીધી છે. કિમ જોંગે રવિવારે રાત્રે ટીવી પર આવ્યો હતો અને દેશના નામે સંદેશ આપવાની સાથે જ અમેરિકાને ધમકી આપી હતી. કિમ જોંગે કહ્યું કે, "સમગ્ર અમેરિકા અમારા એટમી હથિયારોની રેન્જમાં જ છે. અને આ એટમી હથિયારોનું બટન હંમેશા મારા ટેબલ પર જ રહે છે. આ સત્ય છે ધમકી નથી." ગત વર્ષે એટલે કે ૨૦૧૭ની શરૂઆતમાં પણ કિમ જોંગે ધમકી આપીને જ કરી હતી. ત્યારે તેને કહ્યું હતું કે આ વર્ષે નોર્થ કોરિયા પોતાના એટમી પ્રોગ્રામને તેજીથી આગળ વધારશે.

નોર્થ કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ રવિવારે રાત્રે ટીવી પર આવ્યો હતો, તેને તેના દેશવાસીઓને નવા વર્ષનો સંદેશો આપ્યો. જે બાદ અમેરિકાનો ઉલ્લેખ

● અનુસંધાન પાન-૭ પર

## ગેસ સિલિન્ડરના ભાવમાં હવે દર મહિને વધારો કરાશે

**દર મહિનામાં ચાર રૂપિયાના બદલે હવે બે અથવા તો ત્રણ રૂપિયાનો વધારો કરવા હિલચાલ : સામાન્ય લોકો પર ફરી એકવાર મોંઘવારીમાં બોજ પડશે**



નવી દિલ્હી, તા.૧

સામાન્ય અને ગરીબ વર્ગના લોકો પર ફર એકવાર વધુ બોજ પડી શકે છે. કારણ કે મોદી સરકારે ગેસ સિલિન્ડરની કિંમતમાં દર મહિને વધારો કરવાનો નિર્ણય ફરી એકવાર અમલી કરવા માટેની તૈયારી કરી લીધી છે. જો કે આ વખતે મહિને વધારો પહેલા કરતા ઓછો રહેશે. મળી રહેલી માહિતી મુજબ સરકાર હવે પહેલા ચાર રૂપિયાના બદલે ગેસ સિલિન્ડરની કિંમતમાં મહિને રૂપિયા બે અથવા તો ત્રણનો વધારો કરી શકે છે. હાલમાં જ આ નિર્ણયને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. ફિડબેકના આધાર પર આ નિર્ણયને પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો. ડિસેમ્બર મહિનામાં જ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતમાં માસિક વધારો ટાળ્યો હતો. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન સબસિડી પર ટાર્ગેટ ધરાવે છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ગ્રાહકો સહિત ગરીબી રેખાની નીચે રહેલા લોકો પ્રત્યે સબસિડીને લઈને સરકાર હાલમાં ધ્યાન આપી રહી છે.

# ઉત્તર ભારતમાં હાડ થીજવતી ઠંડી

ન્યુ દિલ્હી,તા.૧

વર્ષના પ્રથમ દિવસે, દિલ્હી અને એનસીઆરના લોકોને ધુમ્મસના કારણે મુશ્કેલી છે. અને મેટ્રો પર તેની અસર પડી હતી. ધુમ્મસને કારણે, ૧૫ ટ્રેનો રદ કરવામાં આવી છે, ૨૦ ટ્રેનોના ટાઈમ બદલી દેવામાં આવ્યા છે આવી છે. ત્યાં ૫૦ મીટરથી ઓછીની દ્રશ્યતા છે

આ મોસમની સૌથી વધુ ગાઢ ધુમ્મસ છે. દ્રશ્યતા ઘટીને ૫૦ મીટર

**ધુમ્મસના કારણે ૧૫ ટ્રેનો, ૨૦ ફ્લાઇટ્સ રદ : દિલ્હીમાં નવા વર્ષનું સ્વાગત સ્મોગથી થયું, ઝિરો વિઝિબિલિટીથી એરપોર્ટ ઓપરેશન્સ રદ કરાયું**

સવારથી ગાઢ ધુમ્મસ છે. ધુમ્મસને કારણે રેલ અને એર ટ્રાફિક પર અસર થઈ છે. અગાઉથી રવિવારે પણ ધુમ્મસને કારણે રેલવે, રોડવેઝ જ્યારે ૫૦ થી વધુ ટ્રેન મોડી છે. ધુમ્મસને કારણે એર ટ્રાફિક પર પણ અસર થઈ હતી. દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં થઈ ગઈ છે, જે રસ્તા, રેલ અને એર ટ્રાફિક પર સીધી અસર કરે છે. ગાઢ ધુમ્મસને કારણે, ૫ સ્થાનિક

● અનુસંધાન પાન-૭ પર



# નવા વર્ષે કોંગ્રેસ માટે સ્થિતિ મજબૂત કરવાની સુવર્ણ તક

**આઠ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે : રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં શાસન વિરોધી લહેરનો લાભ લેવાની કોંગી પાસે તક : કર્ણાટક પડકારરૂપ**

નવી દિલ્હી,તા. ૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અપેક્ષા કરતા સારો દેખાવ કર્યા બાદ હવે વર્ષ ૨૦૧૮માં કોંગ્રેસ પાર્ટી પાસે તેની સ્થિતીને વધુ મજબુત કરવાની સુવર્ણ તક રહેલી છે. કારણ કે આઠ રાજ્યોમાં જ્યાં વિધાનસાની ચૂંટણી યોજાનાર છે તે રાજ્યો પૈકી મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં તો ભાજપ ચૌથી વખત સરકાર બનાવવા જઈ રહી છે. બીજી બાજુ રાજસ્થાનમાં તો વારંવાર ભાજપ અને કોંગ્રેસની સરકાર બનતી રહી છે. પાંચ વર્ષ માટે કોંગ્રેસ અને પાંચ વર્ષ માટે ભાજપની સરકાર બનતી રહે છે. જેથી આ વખતે કોંગ્રેસને સુવર્ણ તક રહેલી છે. જો કે ભાજપના નેતાઓ આક્રમક હોવાના કારણે કોંગ્રેસને તાકાત તો ચોક્કસપણે લગાવવી પડશે. રાજસ્થાનમાં હાલમાં વસુન્ધરા રાજેની સરકાર રહેલી છે. અહીં છેલ્લે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૨૦૦માંથી ૧૬૩ સીટો જીતીને સરકાર બનાવી હતી. આવી સ્થિતીમાં આ વખતે તેમની સામે કેટલાક પડકારો રહેલા છે. રાજસ્થાનમાં પ્રજા સામાન્ય રીતે વારા ફરતી ભાજપ અને કોંગ્રેસને તક આપે છે. મધ્યપ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણ ચૌથી વખત સરકાર બનાવવાના ઈરાદાથી મેદાનમાં ઉતરી રહ્યા છે. તેમની કામગીરી ચોક્કસપણે ખુબ સારી રહી છે. બીજી બાજુ છત્તિસગઢમાં વર્ષ ૨૦૦૩થી રમણસિંહની સરકાર રહેલી છે. રમણસિંહ ચૌથી વખત સરકાર બનાવવા માટેના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. કોંગ્રેસ પાસે આ ત્રણેય રાજ્યોમાં ભાજપ પાસેથી સત્તા આંચકી લેવાની તક રહેલી છે. કારણ કે શાસન વિરોધી લહેર ત્રણેય રાજ્યોમાં રહેલી છે. સાથે સાથે કેટલાક વર્ગના લોકો પણ નારાજ રહેલા છે.

કર્ણાટકમાં રાહુલ ગાંધી સામે સૌથી મોટો પડકાર છે. અહીં તેમની સામે પોતાની સરકારને બચાવી લેવાની તક છે. પૂર્વોતરના ચાર રાજ્યો મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા અને મિઝોરમમાં પણ ચૂંટણી યોજાનાર છે. એમ એકંદરે આઠ રાજ્યોમાં લોકસભાની ૯૯ સીટ રહેલી છે. કોંગ્રેસના પ્રમુખ તરીકે રાહુલ ગાંધીની તાજપેશી થયા બાદ તેમની સામે પડકારો રહેલા છે. ગુજરાતમાં તેમના નેતૃત્વમાં પાર્ટીએ ખુબ સારો દેખાવ કર્યો હતો.

# પુલવામાં આતંકી હુમલામાં સામેલ ત્રાસવાદી ધોરણ-૧૦નો વિદ્યાર્થી

**હુમલાના એક દિવસ બાદ તપાસમાં ધડાકો : હુમલામાં સામેલ રહેલા બે આતંકવાદી પૈકી એકની વય ૧૬ વર્ષની હતી : ત્રાસવાદીના પિતા પોલીસ કોન્સ્ટેબલ**

શ્રીનગર,તા. ૧

જમ્મુકાશ્મીરના પુલવામામાં સીઆરપીએફ ટ્રેનિંગ કેમ્પ પર કરવામાં આવેલા હુમલામાં સામેલ રહેલા ત્રાસવાદીઓ પૈકી એક ત્રાસવાદીની વય માત્ર ૧૬ વર્ષની હતી અને તે ૧૦માં ધોરણનો વિદ્યાર્થી હતો. મિડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ત્રાલ વિસ્તારનો નિવાસી ૧૬ વર્ષીય ત્રાસવાદી ફરદીન અહેમદ ખાન ૧૦માં ધોરણનો વિદ્યાર્થી હતો. ફરદીનના પિતા જમ્મુ કાશ્મીર પોલીસમાં કોન્સ્ટેબલ છે. સીઆરપીએફ કેમ્પ પર હુમલો ગઈકાલે કરવામાં આવ્યો હતો. અડધી રાત્ર બાદ આ હુમલો કરવામાં આવ્યો હતો. શનિવારે અડધી રાત્ર બાદ કરવામાં આવેલા હુમલામાં પાંચ જવાન શહીદ થયા હતા. ત્યારબાદ જવાબી કાર્યવાહી કરવામાં આવતા સુરક્ષા દળોએ બન્ને ત્રાસવાદીઓને ઠાર કરી દીધા હતા.



રવિવારના દિવસે મોડેથી ઓપરેશનના સંબંધમાં માહિતી આપવામાં આવી હતી. એડિશનલ જીડી સીઆરપીએફે માહિતી આપતા કહ્યુ હતુ કે અમારી પાસે માહિતી હતી કે એકાએક કોઈ હુમલો થઈ શકે છે. અમારા જવાન સાવધાન પણ હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. જે પૈકી એક પુલવામાંનો નિવાસી મંજુર અહેમદ બાબા અને બીજો ત્રાલનો ફરદીન અહેદમ હોવાની વિગત ખુલી છે. અથડામણમાં શહીદ થયેલા જવાનોની ઓળખ પણ કરી લેવામાં આવી છે. જેમાં કેપ્ટન શરીફ ઉદ દીન ગનાઈ, તૌફીલ અહેમદ, રાજેન્દ્ર નૈન, પ્રદીપ કુમાર પંડા અને ઈન્સ્પેક્ટર કુલદીપ રોયનો સમાવેશ થાય છે.

## ત્રિપલ તલાક પ્રશ્ને અપરાધને જામીનપાત્ર કરવા માંગ કરાશે

**રાજ્યસભામાં કોંગ્રેસ દ્વારા માંગ થઇ શકે છે : ત્રિપલ તલાક બિલ આ સપ્તાહમાં રાજ્યસભામાં રજૂ થશે**



નવી દિલ્હી,તા. ૧

લોકસભામા ત્રિપલ તલાક બિલ પાસ થઈ ગયા બાદ હવે આ સપ્તાહમાં રાજ્યસભામાં આ બિલ રજૂ કરવામાં આવનાર છે. રાજ્યસભામાં આ બિલ રજૂ કરવામાં આવશે ત્યારે કોંગ્રેસ પાર્ટી તરફથી અપરાધને જામીનપાત્ર બનાવવા માટેની માંગ કરવામાં આવે તેવી શક્યતા છે. કોંગ્રેસ પાર્ટી આ મુદ્દા પર વ્યાપક ચર્ચા હાલમાં કરી રહી છે. મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસે ત્રિપલ તલાકના મુદ્દે સરકારનુ સમર્થન તો કર્યુ છે પરંતુ તે કેટલીક અન્ય રજૂઆત કરવા માટે ઈચ્છુક છે. કોંગ્રેસે કેટલીક ખામી પણ ગણાવી છે. કોંગ્રેસ ઈચ્છે છે કે બિલમાં એક વખત ત્રણ વખત તલાક કહેનારને અપરાધ ગણાવનાર ક્લોઝને દુર કરી દેવામાં આવે. સાથે સાથે અપરાધને જામીનપાત્ર બનાવવામાં આવે તેવી માંગ પણ કરે તેવી શક્યતા છે. તમામ લોકો જાણે છે કે લોકસભામાં પાસ કરવામાં આવેલા બિલમાં એક વખતમાં ત્રણ વખત તલાક કહેનારને ગેરકાયદે ગણાવવાની વાત થઈ છે.

સાથે સાથે તેને દંનીય અપરાધની શ્રેણીમાં રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમાં ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આને બિનજામીનપાત્ર ગણાવીને તેને કઠોર રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી આમાં કેટલીક ખામી શોધી રહી છે. આને જામીનપાત્ર અપરાધ ગણાવવા માટેની માંગ કોંગ્રેસ તરફથી કરવામાં આવી શકે છે.

## હાફીઝ સઈદની સંપત્તિ અને ચેરિટી પણ ટુંકમાં જ જપ્ત થશે

નવી દિલ્હી,તા. ૧

મુબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ અને કટ્ટરપંથી ઈસ્લામિક લીડર હાફિઝ સઈદ પર આગામી દિવસોમાં પાકિસ્તાનમાં સકંજો મજબુત કરવામાં આવે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. પાકિસ્તાન પર કાર્યવાહી કરવા માટે સતત દબાણ વધી રહ્યુ છે. પાકિસ્તાન વધતા જતા દબાણ હેઠળ કુખ્યાત હાફિઝ સઈદ સાથે જોડાયેલી નાણાંકીય સંપત્તિ અને ચેરિટી પર કબજો જમાવે તેવી શક્યતા છે. આના માટેની યોજના ગુપ્ત રીતે હાલમાં તૈયાર કરવામાં આવી રહી છે. અમેરિકાએ પણ હાફિઝના મામલે પાકિસ્તાન પર હવે દબાણ વધારી દીધુ છે. અમેરિકા તેને ત્રાસવાદી તરીકે જ ગણે છે. અધિકારી પાસેથી મળેલી માહિતીમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. સુત્રોએ કહ્યુ છે કે પાકિસ્તાનની નાગરિક સરકારે જુદી જુદી પ્રાંતીય અને ફેડરલ સરકારના વિભાગો સાથે ગુપ્ત બેઠક યોજીને યોજના તૈયાર કરી છે. ૧૯મી ડિસેમ્બરના દિવસે આ બેઠક યોજાઈ હોવાની વિગત સપાટી પર આવી છે. આ બેઠકમાં કાર્યવાહીના સંબંધમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ગુપ્ત બેઠકના સંબંધમાં વિગત મળી શકી નથી. જો કે હાફિઝ પર તવાઈ લાવવા માટેની તૈયારી કરી લેવાઈ છે. પાકિસ્તાનની પાંચ પ્રાંતીય સરકારના ટોપ લીડરો સાથે આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. સઈદની બે ચેરિટી પર કબજો મેળવી લેવામાં આવે તેવી શક્યતા છે.

# એસબીઆઈ દ્વારા બેઝ રેટમાં ઘટાડો

**બેઝ રેટ ઘટાડીને ૮.૬૫ ટકા કરી દેવાયો : તાત્કાલિક જ અમલ : હોમ લોન પ્રોસેસિંગ ફી ઉપર રાહતને ૩૧મી માર્ચ સુધી લંબાવી દેવાનો પણ એસબીઆઇ દ્વારા અંતે નિર્ણય થયો**

મુંબઈ,તા. ૧

દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ આજે તેના બેઝ રેટમાં ઘટાડો કર્યો હતો. પ્રાઈમ લેન્ડિંગ રેટમાં પણ તેના પ્રવર્તમાન ગ્રાહકો માટે ઘટાડો કર્યો હતો. આ ઘટાડો ૩૦ બેઝિક પોઈન્ટનો રહ્યો છે. ઘટાડાને પહેલી જાન્યુઆરીથી જ અમલી કરવાનો નિર્ણય કર્યો છે. એસબીઆઈએ નવા ગ્રાહકો માટે હોમ લોન પ્રોસેસિંગ ફી પર હાલમાં રહેલી રાહતને હવે ૩૧મી માર્ચ સુધી લંબાવી દેવાનો પણ નિર્ણય કર્યો છે. સાથે સાથે અન્ય બેંકોમાંથી તેમની લોનને ખસેડી લઈને એસબીઆઈઈમાં લાવવા માટે ઈચ્છુક લોકોને પણ આ રાહત આપી દીધી છે. બીજી બાજુ તમામ નવા કસ્ટમરોને માર્જિનલ કોસ્ટ આધારિત



ધિરાણ દરની ઓફર પણ કરવામાં આવી છે. એસબીઆઈના અડધાથી વધારે કસ્ટમરો હજુ બેઝ રેટને પીએલઆર સાથે લિન્ક કરે છે. આ હિલચાલના પરિણામ સ્વરૂપે ૮૦ લાખ ગ્રાહકોને સીધો ફાયદો થનાર છે. એસબીઆઈ માટેના રીટેલ એન્ડ ડિજિટલ બેકિંગ માટેના મેનેજિંગ ડિરેકટર દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. બેંક માટે સુધારી દેવામાં આવેલા બેઝ રેટ હવે ૮.૬૫ ટકા રહેશે. જ્યારે પીપીએલઆર ૧૩.૪૦ ટકા રહેશે. બેઝ રેટમાં નવા વર્ષના પ્રથમ દિવસે જ ઘટાડાથી મોટી સંખ્યામાં લોકોને ફાયદો થનાર છે. બેંકના વફાદાર કસ્ટમરોને નવા વર્ષની ભેંટ તરીકે આવે ગણી શકાય છે. મળેલી માહિતી મુજબ એસબીઆઈ દ્વારા બેઝ રેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ અન્ય બેંકો પણ આ દિશામાં આગળ વધી શકે છે. રીઝર્વ બેંક દ્વારા તમામ સ્થિતી પર નજર રાખવામાં આવી રહી છે. એક બે દિવસમાં અન્ય બેંકો પણ બેઝ રેટમાં ઘટાડો કરવાની દિશામાં આગળ વધશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય